| GJJN070006922017 | | | | | |
|---|---|---|---|---|---|
| | સત્યમેવ જયતે | રજુ તારીખ : | 27 | 09 | 2017 |
| | | દાખલ તારીખ : | 27 | 09 | 2017 |
| | | ફેસલ તારીખ : | 31 | 07 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 08 | 10 | 04 |
| | | આંક : | | | |

---

**માંગરોળના મહેરબાન મુખ્ય સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.માંગરોળ.**

---

**રેગ્યુલર દિવાની મુકદ્દમા નં. ૫૦/૨૦૧૭.**

૧) મરીયમ વા.ઓ. મોહમદઈકબાલ ઇસા ખલીફા,
ઉ.વ.આ.૫ર, રહે. માંગરોળ, ઠે.લુવારવાડા, રોડ,
ઈબ્રાહીમ બોલીના મકાનની બાજુમાં, માંગરોળ, જિ.જૂનાગઢ.

**....વાદી**

**વિરુધ્ધ**

૧) મરીયમ વા.ઓ. ઇસાભાઇ ખલીફા,
ઉ.વ.આ.૭૦, **(ચાલુ દાવે તા.ર/ર/ર૦ર૦ ના રોજ ગુજરી જતાં આંક–૪૪ ના હુકમ મુજબ ડીલીટ કર્યા)**

ર) મહમદહુસેન ઇસા ખલીફા,
ઉ.વ.આ.૬૦,

૩) હનીફ ઇસા ખલીફા,
ઉ.વ.આ.૪૦,

૪) ફાતેમા ડો.ઓ. ઇસાભાઇ ખલીફા,
ઉ.વ.આ.૫૮,

ક્રમ નં.૧ થી ૩, રહે. લુવારવાડા રોડ, મહિડા ટાઇમ્સની બાજુમાં,
માંગરોળ, જિ.જૂનાગઢ

૫) હનીફા ડો.ઓ. ઇસાભાઇ ખલીફા વા.ઓ. ગુલામહુસેન મહિડા,
ઉ.વ.આ.૫૫, રહે. માંગરોળ, ઠે. ચા બજાર, માંગરોળ, જિ.જૂનાગઢ

૫) રશીદા ડો.ઓ. ઇસાભાઇ ખલીફા વા.ઓ. ઇમરાનભાઇ મકરાણી,
ઉ.વ.આ.૪૫, રહે. જામનગર, ઠે.સોઢાવાળી ગલી, વહેવારીયા
મસ્જીદ પાસે, જામનગર

**......પ્રતિવાદીઓ**

---

**દાવો : મુસ્લીમ લો મુજબ ગુજરનારની મિલકતનું એડમીનીસ્ટ્રેશન કરી હિસ્સો મેળવવા અંગે સ્પે. રીલીફ એકટની કલમ–૩૪, ૩૬ તથા મુસ્લીમ લો એકપ્લીકેશન એકટ ૧૯૩૭ ની કલમ–ર હેઠળનો દાવો....**

---

વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી યુ.એમ.વન્ના
પ્રતિવાદી નં.૧ અને ૩ તરફે વિધ્વાન વકીલશ્રી આઈ.એન.પરમાર
પ્રતિવાદી નં.ર, ૪, ૫ અને ૬ તરફે એકતરફી

---

**–:: <u>જ જ મે ન્ટ</u> ::–**

**(૧)** વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીના લગ્ન માંગરોળ ગામે મોહમદઈકબાલ સ/ઓ ઈસાભાઈ ખલીફા ઉર્ફે બોલી સાથે મુસ્લિમ શરીઅત અને રીતરીવાજ મુજબ થયેલ હતાં. વાદીને લગ્નજીવનથી કોઈ સંતાન થયેલ નથી. વાદીના પતિનું લાંબી માંદગી બાદ આજથી એકાદ વર્ષ પહેલાં અવસાન થયેલ છે. પ્રતિવાદી નં.૧ વાદીની સાસુ તથા નં.ર વાદીના જેઠ તથા નં.૩ વાદીના દિયર તથા નં.૪, ૫, ૬ વાદીની નણંદ થાય છે. વાદીના પતિ હાર્ટપેશન્ટ હતા અને તેમને હ્રદયની બિમારી હોય ગુજરી જવાના છેલ્લા પાંચ છ મહિનાથી સતત દવાખાને સારવાર હેઠળ હતા. સારવાર પાછળ વાદીએ રૂપિયા દશેક લાખ તેઓના પિયરમાંથી તથા તેઓના ભાઈઓ પાસેથી ઉછીના ઉધારા કરીને ખર્ચ કરેલ છે. વાદીના પતિના ગુજરી ગયા પછી વાદીએ મુસ્લિમ શરીઅત મુજબ ગુજારવો પડતો ઈદદતનો સમય તેઓના માવતરે ગુજારેલ હતો.

**(૧.૧)** વાદી વધુમાં જણાવે છે કે, તેમના સસરા આજથી આશરે સાતેક વર્ષ પહેલાં ગુજરી ગયેલ છે. તેઓના સંયુકત કુટુંબની મિલકતો પૈકી વડીલો પાર્જિત મિલકત વાદીના ગુજરનાર સસરા ના નામે હતી જે એક મકાન સી.સ.નં.ર૪૭૭ ના ક્ષે.૧૮.૩૬ ચો.મી. વાળું મકાન તેઓના સસરાના નામે આવેલ છે. જયારે પાછળથી સંયુક્ત કુટુંબની મિલકતો ની ખરીદી કરવામાં

આવેલ તે મિલકતો વાદીની સાસુના નામે ખરીદવામાં આવેલ છે. જે પૈકી માંગરોળ શહેરના લુવારવાડા ખાતે આવેલ મોટા ડેલા સાથે રહેણાંકના મોટા મકાન પૈકી એક મકાન સી.સ.નં.૨૫૬૬ના ક્ષે.૫૩.૩ ચો.મી. વાળું મકાન પ્રથમથી જ વાદીની સાસુના નામ પર આવેલ છે, જયારે તેજ ડેલીબંધ ફળીયામાં આવેલ બીજું એક મકાન જે વાદીની સાસુના ભાઈનું મકાન હતું તે સી.સ.નં.૨૫૭૭ ના ક્ષે.૨૭.૯૪ ચો.મી. વાળું મકાન સંયુક્ત કુટુંબની આવકમાંથી ખરીદવામાં આવેલ તથા માંગરોળ તાલુકાના મોજે શાપુર ગામની બારા રોડ પર આવેલ ખેતીની મિલકત રે.સ.નં.૧૭૮/૧ વાળી ક્ષે. હે–૦, આરે–૨૩, ચો.મી.–૨૭ વાળી મિલકત સંયુક્ત કુટુંબમાં હતા ત્યારે વાદીના પતિએ ખરીદેલ હતી અને વાદીની સાસુ ખાતેદાર ખેડુત હોવાથી તેઓના નામે ખરીદેલ હતી. ત્યારબાદ વાદીના પતિના ભાઈઓએ જુદા જુદા રસોડા કરી જુદા થતાં મિલકતોના ભાયોભાગ પાડવામાં આવેલ હતા. એ મુજબ બારા રોડ પર આવેલ ખેતીની દોઢ વિઘા જમીન વાદીના પતિ તથા તેના બે ભાઈઓ તે પ્રતિવાદી નં.૨ અને ૩ ના તથા વાદીની ત્રણ નણંદો પૈકી એક નણંદ પ્રતિવાદી નં.૬ 'રશીદાબેન' ના ભાગે આવેલ જે રેવન્યુ રેકર્ડમાં તેઓના નામે થઈ ગયેલ છે. તથા સંયુક્ત કુટુંબના ડેલી બંધ મોટાં બે મકાન કુલ ક્ષે.૮૧.૨૪ ચો.મી. વાળી મિલકત સામાવાળા નં.૨ અને ૩ ના ભાગે તથા વાદીના પતિની ત્રણ પૈકી બાકીની બે બહેનો ફાતમાં ઉર્ફે જીલુ તથા હનીફા ના ભાગે ગયેલ અને વાદીના સસરાના નામે આવેલ લુવારવાડા રોડ પરનું એક રૂમ વાળું જુનું સી.સ.નં.૨૪૭૭ના ક્ષે. ૧૮.૩૬ ચો.મી. વાળું મકાન વાદીના પતિના ભાગે તથા કબજે આવેલ હતું. દરેક મિલકત જેમના ભાગે આવેલ તેનો દરેકને કબજો ભોગવટો સોંપી આપવામાં આવેલ હતો. તેઓ પતિ પત્ની સવાલવાળા જુના મકાનમાં રહેવા ગયેલ પરંતુ તે મકાન તદન જુનુ જર્જરીત અને ખંડીયેર હાલતમાં હતું અને વાદીના પતિની આખી જીવનમુડી ખેતીની મિલકત તથા નવું મોટું મકાન ખરીદવામાં ખર્ચ થઈ ગયેલ હોય, વાદીના ભાગે આવેલ મકાનમાં ખર્ચ કરવાની જોગવાઈ ન હોય, તેઓ અલગ ભાડે મકાનમાં રહેતા હતાં અને સદરહુ મકાનનો કબજો ભોગવટો તથા ખેતીની જમીન નો સંયુક્ત કબજો ભોગવટો અને માલિકી વાદીના પતિ પાસે હતો.

(૧.૨) વાદી વધુમાં જણાવે છે કે, તેઓએ માવતરેથી ઉછીની રકમ લઈને તેમના પતિના ભાગમાં આવેલ કબજાનું ૧ રૂમવાળું ખંડીયર હાલતનું મકાન રિપેર કરાવેલ અને તેઓની આજીવીકા માટે તેમાં પાર્ટિશન કરી એક દુકાન બનાવેલ અને તેઓ એકલા બાઈમાણસ હોય, તેમના પુરતો એક રૂમ બનાવેલ છે. તે મકાન તેઓના સસરા ની મિલકત હોય તેનો અલગથી દાવો લાવેલ છે. જ્યારે માંગરોળ તાલુકાના મોજે શાપુર ગામની બારા રોડ પર આવેલ ખેતીની મિલકત રે.સ.નં. ૧૭૮/૧ વાળી ક્ષે. હે–૦, આરે–૨૩, ચો.મી.–૨૭ વાળી મિલકત સંયુક્ત કુટુંબમાં હતા ત્યારે વાદીના પતિએ ખરીદેલ હતી અને વાદીના સાસુ ખાતેદાર ખેડુત હોવાને લીધે તેણીના નામે ખરીદેલ હતી. પાછળથી સંયુક્ત કુટુંબની મિલકતની ભાયોભાગ વહેંચણી સમયે સદરહુ ખેતીની જમીન વાદીના પતિ તથા તેના બે ભાઈઓ તથા એક બહેન રશીદા ના નામે તથા ભાગે તથા સંયુક્ત કબજે આવેલ હતી. સદરહુ ખેતીની મિલ્કતની ચતુઃસીમા નીચે જણાવ્યા મુજબ છે.

પૂર્વે : ઈસ્માઈલ કાલવાત ઉર્ફે સાતમીયાની જમીન

પશ્ચિમે : બારા રોડ જાહેર માર્ગ

ઉતરે : ઈસ્માઈલ કાલવાત ઉર્ફે સાતમીયાની જમીન

દક્ષિણે : શાપુરવાળા ઉમર બિલ્લીનું ખેતર તથા ગાડામાર્ગ

(૧.૩) વાદી વધુમાં જણાવે છે કે, તેમના પતિના સંયુક્ત ભાગે આવેલ ખેતીની મિલકત ઘણા લાંબા સમયથી પ્રતિવાદી નં.૩ ના હનીફભાઈ પોતે હજુ કુવારા હોય અને કાંઈ કામધંધો કરતા ન હોય, તેઓ તથા પ્રતિવાદી નં.૨ ના વાદીના દિયર મોહમદહુસેનભાઈ બંને આ આખી મિલકતની આવક ઉપજ મેળવતા હતા. વાદીના પતિની બીમારી દરમિયાન વાદીએ સદરહુ મિલકતની આવકમાંથી તેઓના પતિનો ભાગ સારવાર માટે માંગતા સામાવાળાઓએ તદન ઈન્કાર કરી દીધેલ હતો. છેવટે વાદીએ તેમના માવતરેથી ઉછીના ઉધારા કરી તેમના પતિની બિમારી પાછળ મોટો ખર્ચ કરેલ હતો જેના તમામ બીલ તેઓની પાસે છે. વાદીએ પ્રતિવાદી નં. ૧ થી ૩ પાસેથી તેમના પતિના બિમારીના સમયે ઘણો મોટો ખર્ચ સંયુક્ત માલિકી

અને કબજા વાળી ખેતીની મિલકતમાંથી આવક ઉપજ વાદીને આપેલ ન હોય, તે પ્રતિવાદી નં. ૧ અને ૩ ના કબજામાં હોય, તે ભાગ લેવા વાદીએ જણાવેલ હતું પરંતુ આ કામના પ્રતિવાદીઓ નં. ૧ થી ૩ નાઓએ તે અંગે ચોખ્ખી ના કહેલ હતી. વાદીની સદરહુ જમીન પિયત અને નારીયેળીનો બગીચો આવેલ છે, તથા બાકીના ભાગમાં ફાઈબર હોડી બનાવવા માટે માસિક રૂ.૨૫,૦૦૦/– ના ભાડા થી ભાડેલ આપેલ હતી. તે તમામ આવક ઉપજ પ્રતિવાદીઓ નં. ૧ અને ૩ ના રાખી લેતા આવ્યા છે. વાદીના ગુજરનાર સસરાના અવસાન સમયે તેઓની માલિકી અને કબજાની મિલકત નો મુસ્લિમ શરીઅત મુજબ હિસાબચોખ કરી એડમિનિસ્ટ્રેશન કરી વાદીનો થતો હક હિસ્સો મેળવવા નો દાવો અલગ કરેલ છે તથા હાલનો દાવો વાદીના ગુજરનાર પતિની સંયુક્ત માલિકી અને કબજા હકકે આવેલ સ્વપાર્જિત ખેતીની જમીનનું મુસ્લિમ લો મુજબ એડમિનિસ્ટ્રશન કરી વાદીનો થતો હકક હિસ્સો મેળવવા અર્થે હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે. જે દાવો સમય મર્યાદામાં છે. તથા સવાલવાળી મિલકત નામદાર કોર્ટની હકુમતમાં હોય, દાવો એડમિનિસ્ટ્રેશન નો હોય, તે ચલાવવા નામદાર કોર્ટને હકુમત છે, જેથી આ દાવો દાખલ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

**(૧.૪)** વાદીએ હાલના દાવામાં દાદ માંગેલ છે કે, ઉપરોકત દર્શાવેલ ચતુઃસીમાવાળી ખેતીની મિલ્કત રે.સ.નં.૧૭૮/૧ ના ક્ષે. હે–૦, આરે–૨૩, ચોમી–૨૭ વાળી મિલ્કતનું મુસ્લિમ શરીઅત લો મુજબ એડમિનિસ્ટ્રેશન કરી, વાદીના પતિ પર ના કરજ અને અંતિમ વિધી ના ખર્ચ મજરે હિસાબે ગણી, વાદીનો તેમાં થતો હિસ્સો નકકી કરી તેટલા હિસ્સા પુરતા વાદીને માલિક ઠરાવતું વિજ્ઞાપન કરી આપવા તથા દાવાના નિકાલ સમયેની કિંમત મુજબનો વાદીનો હિસ્સો વાદીને સોંપણી કરી આપવા તથા ખેતીની મિલકત રે.સ.નં.૧૭૮/૧ ના ક્ષે. હે–૦, આરે–૨૩, ચોમી–૨૭ વાળી મિલકતમાં વાદીના હિસ્સે આવતા ભાગ મુજબના કબજામાં પ્રતિવાદી કે તેમના ઘરના કોઈ સદસ્યો, નોકરો, માણસો, એજન્ટો કે મળતીયાઓ પ્રવેશ ન કરે તથા કે વાદીના કબજા ભોગવટામાં કોઈ જાતની અડચણ ઉભી કરવાના કોઈ જાતના પ્રયત્નો ન કરે તેવો કાયમી મનાઈ હુકમ કરવા તથા દાવાઅરજી સાથે માંગેલ

વચગાળાના મનાઈહુકુમ ની દાદ આપવા તથા દાવાનું ખર્ચ પ્રતિવાદીઓ ચુકવી આપે તેવો હુકમ કરવા તથા નામદાર કોર્ટને યોગ્ય લાવે તેવી અનુષાંગિક દાદ વાદીની તરફેણમાં હુકમ કરવા હાલનો દાવો દાખલ કરેલ છે.

(૨) સદરહું દાવાના કામે આ કામના પ્રતિવાદીઓ ને સમન્સ/નોટીસની ધોરણસર બજવણી થતાં, આ કામના પ્રતિવાદીઓ નં. ૧ તથા ૩ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર રહી અત્રેની અદાલત સમક્ષ આંક–૨૦ થી વાદીના દાવાનો સંયુકત વાંધા–જવાબ રજુ કરેલ છે. સદર દાવા જવાબમાં પ્રતિવાદી નં.૧ તથા ૩ તરફે વાદીની દાવા હકિકતનો ઈન્કાર કરવામાં આવેલ છે અને મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, વાદવાળી જમીનમાં પ્રતિવાદી નં.૧ તથા ૩ ઉપજ લઈ ઉપયોગ ઉપભોગ કરતા હોય પ્રતિવાદીઓનો કબજો આવેલ હોય તેમજ માલીકી પણ પ્રતિવાદી નં.૧ મરીયમબેન વા.ઓ. ઈસાભાઈ ખલીફા ની સ્વતંત્ર આવેલ હોય જેમાં વાદીને મનાઈ હુકમ માંગવા કે મેળવવાનો હકક અધીકાર ન હોય જેથી વાદીનો દાવો તથા વચગાળાની મનાઈ હુકમની અરજી ખર્ચ સહિત રદ કરવા પ્રતિવાદી ઓને થયેલ દાવાનો ખર્ચ વાદી પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૩) સદર કામે આંક–૨૫ થી મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા દાવાના ન્યાયિક નિર્ણય માટે મુદ્દાઓ ઘડવામાં આવેલ છે જે મુદ્દાઓ નીચે મુજબ છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે, માંગરોળ તાલુકાના શાપુર ગામની બારા રોડ ઉપર આવેલ જમીન રે.સ.નં.૧૭૮/૧ ક્ષેત્રફળ હે.૦–૨૩–૨૭ ચો.મી. વાળી જમીન તેણીના પતિની તથા તેઓના ભાઈઓની સંયુકત ખાતાની આવેલ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, તેણી વાદગ્રસ્ત જમીનનો કબજો ધરાવે છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત જમીનમાં મુસ્લીમ લો શરીયત મુજબ તેણીનો કોઈ હિસ્સો રહેલો છે ? જો હા તો કેટલો ?

૪. શું વાદી પુરવાર કરે છે કે, તેણી વાદગ્રસ્ત જમીનનું મુસ્લીમ લો શરીયત મુજબ એડમિનિસ્ટ્રેશન કરી તેણીના હિસ્સાનું વિભાજન કરવા હકકદાર છે ?

૫. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૬. શું હુકમ અને હુકમનામુ ?

(૪) ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુદ્દા નં. ૧ :– | હકારમાં |
| મુદ્દા નં. ૨ :– | નકારમાં |
| મુદ્દા નં. ૩ :– | નકારમાં |
| મુદ્દા નં. ૪ :– | નકારમાં |
| મુદ્દા નં. ૫ :– | નકારમાં |
| મુદ્દા નં. ૬ :– | આખરી હુકમ મુજબ. |

(૫) ત્યારબાદ, સદર કામે વાદી તરફે તેમના દાવાના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો ::</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૪૫ | વાદી મરીયમ વા.ઓ. ઈકબાલ ઈસા ખલીફાનું દિવાની કાર્યરીતિ અધિનીયમ હુકમ–૧૮ નિયમ–૪ અન્વયેનું પુરાવાનું સોગંદનામુ. |

સદર કામે વાદી તરફે નીચે મુજબ દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ થયેલ છે.

**દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત. |
|---|---|---|
| ૧. | ૫૧ | ગામ નમુનો નંબર ૮–અ (જમીનની ખાતાવહી) કોમ્પ્યુટર કોપી |
| ૨. | ૫૨ | ગામ નમુનો નંબર–૭ કોમ્પ્યુટર કોપી |
| ૩. | ૫૩ | વાદીની સાસુએ ખેતીની મિલકત ભાયોભાગે કરી આપ્યાની અરજી ખરીનકલ |
| ૪. | ૫૪ | ખેતીની મિલકતની ભાયોભાગ નોંધની નોટીસની ખરીનકલ |

ત્યારબાદ, વાદી તરફે આંક–૭૬ ની પુરસીશ આપી તેઓ વિશેષ પુરાવો રજુ કરવા માંગતા ન હોય પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૬) સદર કામે પ્રતિવાદીઓ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૭૮ | પ્રતિવાદી નં.૩ હનીફભાઈ ઈસાભાઈ ખલીફાનું દિવાની કાર્યરીતિ અધિનીયમ હુકમ–૧૮ નિયમ–૪ અન્વયેનું પુરાવા નું સોગંદનામુ. |

સદર કામે પ્રતિવાદી તરફે નીચે મુજબ દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ થયેલ છે.

**દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત. |
|---|---|---|
| ૧. | ૫૫ | ગામ નમુનો નંબર ૮–અ (જમીનની ખાતાવહી) ઝેરોક્ષનકલ |

| | | |
|---|---|---|
| ૨. | ૫૬ | ગામ નમુનો નંબર–૭ ઝેરોક્ષનકલ |
| ૩. | ૫૭ | ગામ નમુનો નંબર–૬ હકક પત્રકની ઝેરોક્ષનકલ |
| ૪. | ૫૮ | ગામ નમુનો નંબર–૬ હકક પત્રકની ઝેરોક્ષનકલ |
| ૫. | ૫૯ | ગામ નમુનો નંબર–૬ હકક પત્રકની ઝેરોક્ષનકલ |
| ૬. | ૬૦ | ગામ નમુનો નંબર–૬ હકક પત્રકની ઝેરોક્ષનકલ |
| ૭. | ૬૧ | ગામ નમુનો નંબર–૬ હકક પત્રકની ઝેરોક્ષનકલ |
| ૮. | ૬૨ | ગામ નમુનો નંબર–૬ હકક પત્રકની ઝેરોક્ષનકલ |
| ૯. | ૬૩ | ગામ નમુનો નંબર–૬ હકક પત્રક નોંધ નંબર–૮૪૭ની ઝેરોક્ષનકલ |
| ૧૦. | ૬૪ | ગામ નમુનો નંબર–૬ હકક પત્રક નોંધ નંબર–૮૭૪ની ઝેરોક્ષનકલ |
| ૧૧. | ૬૫ | ગામ નમુનો નંબર–૬ હકક પત્રક નોંધ નંબર–૧૭૩૯ની ઝેરોક્ષનકલ |

સદર કામે પ્રતિવાદીઓ તરફે આંક–૮૨ તથા આંક–૮૩ થી પુરસીશ આપી તેઓ વિશેષ પુરાવો રજુ કરવા માંગતા ન હોય પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) સદર કામે આંક–૪૫ થી સી.પી.સી.ઓર્ડર–૧૮, રુલ–૪ નીચે વાદી મરીયમ વા.ઓ. ઈકબાલ ઈસા ખલીફાનું સરતપાસનું સોગંદનામુ રજુ થયેલ છે અને તેમાં દાવા અરજી મુજબની હકિકતો જણાવેલ છે. તેમજ પ્રતિવાદીનં.૩ ના વિ.વ.શ્રી તરફે વાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં વાદીએ જણાવેલ છે કે, '' મને લખતા વાંચતા આવડતુ નથી હુ અભણ છુ. મને તકરારી જમીનના ખાતા નંબર, સર્વે નંબર, ક્ષેત્રફળ, ચતુઃદીશા ની ખબર નથી. એ વાત ખરી છે કે મારા લગ્ન મહમદ ઈકબાલ ઈસા ખલીફા સાથે

૧૯૯૫ મા થયેલા. એ વાત ખરી છે કે મહમદ ઈકબાલ ઈસા ખલીફા સાથેના લગ્ન જીવનથી મને કોઈ સંતાન થયેલ નથી. એ વાત ખરી છે કે મારા પતી મહમદ ઈકબાલ ઈસા તા. ૧૬/૮/૧૬ ના રોજ અવસાન પામતા અમોએ મુસા હાસમભાઈ ભાભા સાથે લગ્ન કરેલા અને ત્યારબાદ વર્ષ ૨૦૨૨ મા આદમ કાસમભાઈ પારેખ સાથે લગ્ન કરેલા અને હાલ આદમભાઈ કાસમભાઈ પારેખ સાથે પત્ની તરીકે રહુ છુ. એ વાતની મને ખબર નથી કે મારા સાસુ મરીયમ વા/ઓ ઈસા ખલીફા ના પુત્ર આબેદીન ઈસા ૧૯૮૮ મા ગુજરી ગયેલા. એ વાત ખરી છે કે મારા નણંદ રસીદાબેન જામનગર મુકામે તેના સાસરે છે તથા બીજા નણંદ હનીફાબેન ઈસાભાઈ માંગરોળ મુકામે સાસરે છે. એ વાત ખરી છે કે દાવાઅરજીમા મારા પતિ મહમદ ઈકબાલની બીમારી વિશે જે હકીકત જણાવુ છુ તે બીમારી અંગેના કોઈ મેડીકલના દસ્તાવેજો દાવાના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મારા પતિની સારવાર કઈ હોસ્પીટલમા લીધેલી તે અંગેની વિગતો મારી દાવા અરજી કે સોગંધનામામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારા સાસુ મરીયમબેન તે, ઈબ્રાહીમભાઈ નથુભાઈ વાઢેરના દીકરી થાય છે. એ વાત ખરી નથી કે ઈબ્રાહીમભાઈ નથુભાઈ વાઢેરના વારસાઈ હકે મારા સાસુ મરીયમબેનનુ નામ તેમના પિતાની ખેતીની જમીનમા વારસદાર તરીકે દાખલ થયેલુ. એ વાત ખરી છે કે મારા સસરા ઈસાભાઈ ઈસ્માઈલભાઈ ખલીફા ખેડુત ખાતેદાર ન હતા.

સવાલ: તમારા સસરા ખેડુત ખાતેદાર ન હતા તે કારણસર અમારા સાસુ મરીયમબેન ડો/ઓ ઈબ્રાહીમભાઈ વાઢેરના નામે વાદગ્રસ્ત જમીન ખરીદ કરવામા આવેલ છે તે વાત સાચી ને?

જવાબઃ મારો ધણી કમાતો હતો અને મારો ધણી પણ ખેડુત ખાતેદાર ન હતો એટલે મારા ધણીએ કહેલુ કે હુ પૈસા દઉ છુ તમે તમારા ખાતે જમીન લેજો.

એ વાતની મને ખબર નથી કે મારા સાસુને તેના પીતા ઈબ્રાહીમભાઈએ તેની જમીનમાથી હક હીસ્સો આપેલો તે હક હીસ્સા વાળી જમીનની આવકમાથી હાલના દાવા વાળી જમીન મારા સાસુ મરીયમબેને ખરીદ કરેલ. એ વાતની મને ખબર નથી કે તકરારી જમીન ૧૯૯૬ મા મારા સાસુએ

યુસુફભાઈ હુસેનભાઈ કુલાળા પાસેથી ખરીદ કરેલી. એ વાત ખરી છે કે મારા સાસુ મરીયમબેન વર્ષ ૨૦૨૦ મા ગુજરી ગયેલા. એ વાત ખરી છે કે મારા સસરાની કોઈ જમીન આવેલ નથી. એ વાત ખરી છે કે હુ અને મારા પતી મોહમદ ઈકબાલ માંગરોળ મુકામે લુહારવાડામાં મોલવી આદમપીર ના મકાનમા ભાડે રહેતા હતા. અમો પતિ પત્ની ૧૮ વર્ષ ત્યા ભાડે રહેલા. એ વાત ખરી નથી કે માંગરોળ લુહારવાડા મા આવેલ સીટી સર્વે નં. ૨૪૭૭ વાળુ જુનુ ખંડેર મકાન આ કામના પ્રતીવાદી હનીફ ઈસા પાસે છે. એ વાત ખરી નથી કે સીટી સર્વે નં. ૨૪૭૭ વાળુ મકાન જર્જરીત હાલતમા હોય ત્યા કોઈ રહી શકે તેમ ન હોય તેનો કબ્જો મારી પાસે નથી સાહેદ જણાવે છે કે મારા ધણી ઈકબાલભાઈના ઈન્તીકાલ થતા ચાર મહીના ઈદદતનો સમય પુરો કરી આ મકાનમા ખર્ચો કરી હુ રહેવા ગયેલ તો મને હનીફભાઈએ મારેલી. એ વાત ખરી છે કે તકરારી ખેતીની જમીનોના ભાઈઓ ભાગ પડયા હોય તેનો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મારા સાસુ મરીયમબેન ડો/ઓ ઈબ્રાહીમભાઈ ને ખેડૂત ખાતેદારનુ સ્ટેટસ તેમના પિતાની જમીનમાથી મળેલુ. એ વાત ખરી છે કે આંક–પર વાળા ગામ નમુના નં.૭ મા મારા જણાવ્યા મુજબ કુવા કે બોરની કોઈ નૌંધ દર્શાવેલ નથી. એ વાતની મને ખબર ના પડે કે તકરારી જમીન બીનપીયત છે કે કેમ. એ વાત ખરી નથી કે વાદગ્રસ્ત જમીન પ્રતીવાદી નં.૩ હનીફભાઈએ રૂ.૫૦૦૦/– મા હોડી બનાવવા માટે ભાડે આપેલ છે. એ વાત ખરી છે કે તકરારી જમીન હનીફભાઈએ ભાડે આપેલી સાહેદ જણાવે છે કે મને પુછયા વગર આપેલી.

(૮) સદર કામે આંક–૭૮ થી પ્રતિવાદી નં.૩ હનીફભાઈ ઈસાભાઈ ખલીફાનું દિવાની કાર્યરીતિ અધિનીયમ હુકમ–૧૮ નિયમ–૪ નું સરતપાસનું સોગંદનામુ રજુ થયેલ છે અને તેમા તેમનાં જવાબ મુજબની હકિકતો જણાવેલ છે. તેમજ વાદીના વિ.વ.શ્રી તરફે પ્રતિવાદી ની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, '' એ વાત ખરી છે કે અમોએ જે ખેતીની જમીનના રે.સ.નં.૧૭૮ પૈકી ૧ વાળી ખેતીની જમીનની ખરીદી કરેલ તે અમોની મા ગુજરનાર મરીયમબેનના નામથી ખરીદ કરેલ. એ વાત

ખરી છે કે આ જમીન રેકર્ડમા પણ મારી માના નામે ચડેલી છે. એ વાત ખરી નથી કે આ જમીન રેવેન્યુ રેકર્ડમા મારી ગુજરનાર માતાએ પોતાની હયાતીમા પોતાના સંતાનોના નામે કરી આપેલ છે. એ વાત ખરી નથી કે મને આંક–૫૩ વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે જે જોઇને કહુ છુ આ દસ્તાવેજ મારી ગુજ.મા મરીયમબેને સને ૧૯૯૮ મા પોતાની હયાતીમા સવાલ વાળી જમીન પોતાના સંતાન નં.૧ ઇકબાલ ઇસા ખલીફા, ૨, મહમદહુસેન ઇસા ખલીફા, નં.૩ હનીફ ઇસા ખલીફા, નં.૪ રસીદાબાઇ ઇસા ખલીફા એ રીતેના ચાર સંતાનોના ભાગમા અને કબ્જે સોંપવાની અરજી મામલતદાર સાહેબને કરેલ છે. મને આંક–૫૪ વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે એ વાત ખરી નથી કે આ દસ્તાવેજમા પાછળના પેજ પર કરેલ સહીઓમા હનીફ ઇસા ખલીફા લખેલ છે તે સહી મારી સહી છે.

સવાલ: આંક–૫૩ અને ૫૪ મુજબના દસ્તાવેજો અનુસાર સવાલ વાળી જમીન તે સમયથી અન્ય ખાતેદારો સાથે તમારુ નામ પણ રેવેન્યુ રેકર્ડમા ઉમેરાયેલ છે ?

જવાબ: જે તે સમયે નામ ચડયુ તે મને કે મારા ભાઇઓને ખબર નથી.એટલે આ સહી પણ ખોટી છે.

મને હાલનો દાવો થયો ત્યારે ખબર પડેલી કે આ જમીનમા મારુ નામ છે તેવી પ્રથમ વખત ખબર પડેલી. એ વાત ખરી છે કે આ ખોટી રીતે મારુ નામ રેવેન્યુ રેકર્ડમા આવેલ તે બાબતે તેમજ મારી ખોટી સહી બાબતે આજ સુધી કોઇપણ જગ્યાએ કોઇ અરજી કે કેસ કરેલ નથી. એ વાત ખરી છે કે આ ખોટી રીતે મારા અન્ય ભાઇ બહેનોના નામ રેવેન્યુ રેકર્ડમા આવેલ તે બાબતે તેમજ ખોટી સહી બાબતે આજ સુધી કોઇપણ જગ્યાએ કોઇ અરજી કે કેસ કરેલ નથી. એ વાત ખરી છે કે હાલના દાવાના કામે પણ મારા અન્ય કોઇભાઇ બહેનો દાવા અરજીના કામે વાંધો લેવા કોર્ટમા ઉપસ્થીત થયેલ નથી. એ વાત ખરી નથી કે મારા અન્ય ભાઇ બહેનો એટલા માટે આ કામે વાંધો લેવા નથી આવ્યા કારણ કે તેઓ જાણે છે કે વાદીનો હાલનો દાવો ખરો છે. એ વાત ખરી નથી કે આંક–૫૩ અને ૫૪ ના સમયથી સવાલ વાળી જમીનનો કબ્જો મારી પાસે અને મારા અન્ય સહખાતેદાર ભાઇ બહેનો પાસે આવેલ છે સાહેદ

જણાવે છે કે મારા અને મારી મા પાસે આવેલ. મને આંક–૬૪ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે સવાલ વાળી રે.સ.નં.૧૭૮/૧ માટે પડેલ હકકપત્રક નોંધ નં.૮૭૪ છે જે અમોએ આ કામે રજુ કરેલ છે જે જોઈને કહુ છુ કે તેમાં નં.૧ ઈકબાલ ઈસા ખલીફા, નં.૨, મહમદહુસેન ઈસા ખલીફા, નં.૩ હનીફ ઈસા ખલીફા, નં.૪ રસીદાબાઈ ઈસા ખલીફા એ ચાર નામ શ્રીમતી મરીયમબેન ઈબ્રાહીમ વાઢેરે પોતાની હયાતીમા હયાતીહકે પડાવેલ નોંધ છે. એ વાત ખરી છે કે આ નોંધની સામે અત્યાર સુધી અમોએ કોઈ પણ જગ્યાએ કયાય વાંધો લીધેલ નથી. એ વાત ખરી છે કે મારા સરતપાસના સોગંધનામાના પારા–૨ મા "નોંધ નં. ૮૭૪ તા. ૧/૪/૯૮ રદ કરવા માટે નાયબ કલેકટરશ્રી સમક્ષ અપીલ અરજી કરેલી'' એવો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. મારી આંક–૭૮ વાળી સરતપાસના પેરા–૫ મા એવુ લખેલ છે કે " મરીયમબેન ભણેલા હોય અક્ષર લખી સહી કરતા હોય આ અરજીમા મરીયમબેન ઈસાની અંગુઠાની છાપ મારી મો. ઈકબાલ ઈસાએ ખોટી સહી કરી ઉભી કરેલ છે " તે મે સાચુ લખાવેલ છે. મને આંક–૨૦ વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે જે અમોએ પ્રતીવાદી નં.૧,૩ તરફે રજુ કરેલ વાંધા જવાબ છે જેના પેજ નં. ૬ ઉપર પ્રતી નં.૧ ની સહીની જગ્યાએ અંગુઠાની છાપ છે જે જોઈને કહુ છુ કહુ છુ કે તે મારા માતૃશ્રી મરીયમબેન પ્રતી નં.૧ ના તે વખતે મારા મધરને અંગુઠાની છાપ છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જે તે આંખની તકલીફ હતી અને બીમાર હતા અને ઓછુ દેખાતુ હતુ એટલે એમણે એક વખતે અંગુઠો મારેલ હતો. એ વાત ખરી છે કે તા.૨૨/૬/૧૮ ના રોજ આંક–૨૦ વાળા દસ્તાવેજ ઉપર અંગુઠો કર્યો તે સમયે મારી માતાને ઈન્જેકશન આપેલ હતુ તેટલુ જ યાદ છે એ સીવાયના સમયનુ કાઈ યાદ નથી. હાલના દાવામા વાદી મરીયમબેનનો જો કોઈ શરીયત મુજબનો હક હીસ્સો થતો હોય તો તે હક હીસ્સો તેમને મળે તે સામે તમને વાંધો નથી.

(૯) આ કામે વાદી તરફે વિ. વ. શ્રી યુ.એમ. વન્ના નાઓએ તેમનાં દાવાનાં સમર્થનમાં દલીલ કરી જણાવેલ છે કે, દાવા વાળી જમીન વાદીની દાવા અરજી મુજબ સંયુકત આવક માંથી ખરીદ કરેલ મિલકત છે જયારે પ્રતિવાદીના જવાબ મુજબ પ્રતિવાદી નં.૧ ની સ્વતંત્ર મિલકત છે.

પરંતુ આ મિલકત સ્વતંત્ર મિલકત હોવાનું એડમીટ કરવામાં આવે તો પણ મુસ્લીમ લો મુજબ મિલકત ધારણ કરનાર વ્યકિત સ્વતંત્ર માલિક બને છે અને તે વ્યકિતને સદર મિલકતનો સંપુર્ણ વ્યવહાર કરવાની સત્તા રહે છે. પ્રતિવાદી નં.૧ મરીમચબહેને આંક–૫૩ મુજબની અરજી આપી તેમના વારસોના નામ દાખલ કરાવેલ છે જેમાં પ્રતિવાદી નં.૨, ૩, ૬ તથા વાદીનું નામ દાખલ કરાવેલ છે. જયારે પ્રતિવાદી નં.૪,૫ ને અન્ય મિલકત મળેલ હોય તેઓનું નામ તેમાં દાખલ કરાવેલ નથી. જો પ્રતિવાદી એવું કહેતા હોય કે, આ અરજી પ્રતિવાદી નં.૧ ના ઓએ કરેલ નથી અને તેઓ અંગુઠાનુ નિશાન નહી પરંતુ સહી કરતા હતા તો આ કામે પ્રતિવાદી નં.૧ તરફે રજુ થયેલ વકીલાતનામા તથા આંક–૨૦ થી રજુ થયેલ જવાબમાં પણ પ્રતિવાદી નં.૧ ના અંગુઠાનું નિશાન છે તેથી આંક–૫૩ ની અરજીમાં પણ પ્રતિવાદી નં.૧ ના અંગુઠાનું નિશાન હોવાનું માનવુ પડે. આ કામે પ્રતિવાદી નં.૩ તેમની ઉલટતપાસમાં હાલનો દાવો થયો તે વખતે આ જમીનમાં પોતાનુ નામ હોવાની ખબર પડેલ તેમ જણાવે છે અને તેઓએ આ નોંધને ચેલેન્જ કરેલ હોય તે અંગેનો એકપણ ડોકયુમેન્ટ રજુ રાખેલ નથી. માતાએ પોતાની હયાતીમાં આ મિલકત કબજા સાથે વાદી તથા અન્ય વારસોને કબજે સોંપી આપેલ છે જે આંક–૫૩ ની અરજી તથા આંક–૫૪ ની નોંધ અને નોટીસ ધ્વારા સ્પષ્ટ થાય છે અને તેની વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી તેવી હકીકત સાબીત માનવાની રહે છે. તેથી પ્રતિવાદી નં.૧ ના એ પોતાની હયાતીમાં આ જમીન તેમના વારસોને કબજે સોંપી આપેલ હોય આ જમીનમાં વાદી પોતાનો કબજો પુરવાર કરી શકેલ હોય અને વાદીના પતિ ગુજરી ગયેલ હોય મુસ્લીમ શરીયત લો મુજબ પત્નિ તરીકે વાદીના હીસ્સે પતિના ભાગનો ૧/૪ હીસ્સો મેળવવા હકકદાર હોય તે હીસ્સા પુરતા વાદીને માલીક ઠરાવી માંગ્યા મુજબની દાદ મંજુર કરવા જણાવેલ છે. વાદીના વ.શ્રી તરફે તેઓની દલીલના સમર્થનમાં ટી.રવી અને અન્ય વિરુધ્ધ બી.ચીન્ના નરસીમ્હા

અને અન્ય તા.૨૧/૩/૨૦૧૭ તથા નામ.મદ્રાસ હાઈકોર્ટમાં એસ.એ.હલીમાબીબી અમ્માલ વિરુધ્ધ એસ.એ.ફાતીમાબીબી અને અન્ય ના ચુકાદા પર આધાર રાખેલ છે.

પ્રતિવાદી તર્ફે વિ. વ. શ્રી આઈ.એન.પરમાર નાંઓએ મૌખીક દલીલો કરેલ છે અને જણાવેલ છે કે, પ્રતિવાદી અને વાદી સુન્ની મુસ્લીમ છે અને સુન્ની મુસ્લીમ માટે શરીયત લાગુ પડે છે. વાદી નં.૧ એ પ્રતિવાદી નં .૧ ના પુત્રવધુ છે. અને પુત્રવધુ એ સાસુના કાયદેસરના વારસદાર નથી. આ કામે આંક –૬૩ થી દાવાવાળી જમીન યુસુફભાઈ પાસેથી પ્રતિવાદી નં.૧ ના એ ખરીદ કરેલ તેની હકકપત્રકની નોંધ છે. વાદીના પતિ તા.૧૬/૮/૨૦૧૬ ના રોજ અવસાન પામેલ છે. જયારે વાદીના સાસુ પ્રતિવાદી નં.૧ ચાલુ દાવે તા.૨/૨/૨૦૨૦ ના રોજ અવસાન પામેલ છે એટલે કે માતાની હયાતીમાં તેના પુત્રનું અવસાન થયેલ છે અને માતા પહેલા મૃત્યુ પામેલ પુત્રની વિધવા સાસુની મિલકતમાં વારસ ગણાશે નહી કે તેનો હકક થશે નહીં. માત્ર રેવન્યુ નોંધ એ માલિકીનો પુરાવો નથી. દાવાવાળી મિલકતની સંપુર્ણ માલીકી આપેલી હોય તેવું કોઈ લખાણ નથી. વાદી તેમના દાવામાં આ જમીન પ્રતિવાદી નં.૧ અને ૩ ના કબજામાં હોવાનું જણાવે છે, જયારે ઉલટતપાસમાં આ જમીન પ્રતિવાદી નં.૩ હનીફભાઈએ ભાડે આપેલ હોવાનું જણાવે છે. મુસ્લીમ લો મુજબ ગીફટ સાબીત કરવા માટે સ્વીકાર, સંમતિ અને કબજો પુરવાર કરવો પડે. હાલના કામે વાદીના દાવા મુજબ આ મિલકતમાં પ્રતિવાદી નં.૧ ના એ આંક–૫૩ ની નોંધ મુજબ વાદીના પતિ તથા પ્રતિવાદી નં.૨, ૩ અને ૬ ના નામ દાખલ કરાવેલ હતા પરંતુ આ જમીનનો કબજો પ્રતિવાદી નં.૧ એટલે કે વાદીના સાસુ પાસે હતો મુસ્લીમ લો મુજબ વ્યકિત ગુજરી જાય તે સમયે જ તેના વારસોનો હકક લાગે તે પહેલા નહીં તથા હાલના વાદી તેમના પતિ ના ગુજરી બાદ હાલમાં ત્રીજા પતિ સાથે રહેતા હોવાનું

ઉલટતપાસમાં સ્વીકારે છે. તે તમામ સંજોગોમાં વાદીની દાવાવાળી મિલકતમાં કોઈ હકક હીસ્સો થતો ન હોય વાદીનો દાવો નામંજુર કરવા જણાવેલ છે. પ્રતિવાદી તરફે પોતાની દલીલોના સમર્થનમાં નામદાર દિલ્હી હાઈકોર્ટના હમજા મુનીર અને અન્ય વિરુઘ્ધ મહમદ અકીલ અને અન્ય તા.૨૮/૦૫/૨૦૨૫ તથા નામદાર કર્ણાટક હાઈકોર્ટના શ્રીમતી આશાબી વિરુઘ્ધ શ્રીમતી ફજીયાબી અને અન્ય તા.૧૯/૦૭/૨૦૦૪ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના યુસુફભાઈ વલીભાઈ પટેલ અને અન્ય વિરુઘ્ધ જુબેદાબેન અબ્બાસભાઈ પટેલ ના ચુકાદાઓ ઉપર આધાર રાખે છે.

(૧૦) ઉપરોકત ઘડવામાં આવેલ મુદ્દાઓના નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

// <u>નિર્ણયના કારણો</u> //

(૧૦.૧) આ તબકકે પુરાવાનુ મુલ્યાંકન કરી મુદ્દાઓના નિર્ણયો કરતા પહેલા પુરાવા સબંધે ભારતીય પુરાવા અધિનીયમની નીચે મુજબની જોગવાઈઓ ઘ્યાનમાં લેવી જરૂરી છે.

***ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ માં સાબીતીનો બોજો પુરવાર કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં " જે કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલ હકીકતો સાબીતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજું ન્યાયાલય ફેંસલો આપે તો તેણે સાબીત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે અને કોઈ વ્યકિત, હકીકતનું અસ્તિત્વ સાબીત કરવા બંધાયેલ હોય ત્યારે સાબીતીનો બોજો તે વ્યકિત ઉપર છે એમ કહેવાય."*** આમ, આ

જોગવાઈ મુજબ વાદીના દાવાની કોઈ બાબત અંગે પ્રતિવાદીએ વાંધો યા વિરોધ કે ધમકી કે તકરાર વ્યકત કરેલ હોય ત્યારે તેવી બાબતો વાદી ધ્વારા હકારાત્મક રીતે પુરવાર થવી જોઈએ. પરંતુ પ્રતિવાદી ધ્વારા નકારાત્મક રીતે તે ના–સાબીત થવું જરૂરી નથી.

***વધુમાં ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૨ મુજબ સાબીતીનો બોજો કોની ઉપર છે, તે અંગેની આ કલમમાં જોગવાઈ કરવામાં આવેલ છે. જે મુજબ ''બે માંથી કોઈ પક્ષ તરફથી કોઈ પુરાવો ના આપવામાં આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેની ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબીતીનો બોજો છે.''*** *કોઈ વ્યકિત પોતાની તરફેણમાં કોઈ કથન કરતો હોય કે પોતાનો બચાવ કરતો હોય તો તે પુરવાર કરવાની જવાબદારી જે તે વ્યકિતની રહે છે.*

***તેમજ ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૩ માં ચોકકસ હકીકત વિશે સાબીતીના બોજા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. જે મુજબ '' કોઈ ચોકકસ હકીકતનું અસ્તિત્વ હોવાનું ન્યાયાલય માને એમ જે વ્યકિત ઈચ્છતી હોય તેના ઉપર એ હકીકત સાબીતીનો બોજો છે, સિવાય કે તે હકીકતની સાબીતીનો બોજો કોઈ વ્યકિત ઉપર રહેશે, એવી કોઈ કાયદાથી જોગવાઈ કરવામાં આવી હોય.''*** *આમ આ કલમ મુજબ જે કોઈ વ્યકિત એવું ઈચ્છતો હોય કે તેમના કથનો કે બચાવ માની કોર્ટ તેમની તરફેણમાં ચુકાદો આપે ત્યારે જે તે વ્યકિતએ પોતાના કથનો અથવા તો પોતે પોતાના આપેલ બચાવની વિગતો પુરવાર કરવાની જવાબદારી જે તે વ્યકિત ઉપર રહે છે. સિવાય કે તેના વિરૂધ્ધની કોઈ કાયદામાં એવી કોઈ જોગવાઈ કરવામાં આવેલ હોય.*

*ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૪ માં જણાવેલ છે કે, કોઈ વ્યકિતથી કોઈ બીજી હકીકતનો પુરાવો આપી શકાય તે માટે તે સાબીત થવી જરૂરી હકીકત સાબીત કરવાનો બોજો, એવો બીજો પુરાવો આપવા ઈચ્છતી વ્યકિત ઉપર છે.*

આમ, ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ માં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ જે વ્યકિત જે હકીકત બની છે અને તે પોતાના કથનના સમર્થનમાં કોર્ટ ધ્વારા હુકમ મેળવવા માંગતી હોય ત્યારે તે વ્યકિતએ કરેલ કથન પુરવાર કરવાની જવાબદારી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૩ મુજબ તે વ્યકિત ઉપર રહે છે. આમ, જયારે કોઈ પણ વ્યકિત સાથે એવી પરિસ્થિતી બનેલ હોય તો તેવી બનેલ ખરી પરિસ્થિતી શું છે તે બાબતની જાણકારી તે વ્યકિત જ આપી શકે. જેથી આ કામે વાદીની દાવા અરજીની હકીકતો પુરવાર કરવાની જવાબદારી વાદી ઉપર રહે છે અને પ્રતિવાદીઓએ તેઓના લેખિત જવાબમાં જણાવેલ હકીકતો પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીઓ ઉપર રહે છે. એ રીતે વાદીનાં દાવાની અને પ્રતિવાદીનાં જવાબની હકીકતો તથા રજુ કરેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં તેમજ દલીલો અને કાયદાકીય જોગવાઈઓને લક્ષમાં લેતા હાલનાં દાવામાં મારા તારણો નીચે મુજબ છે.

**(૧૦.૨) મુદદા નં. ૧ ની ચર્ચા :–**

વાદી તર્ફે તેમની દાવાઅરજીમાં માંગરોળ તાલુકાના શાપુર ગામની બારા રોડ ઉપર આવેલ જમીન રે.સ.નં.૧૭૮/૧ ક્ષેત્રફળ હે.૦–૨૩–૨૭ ચો.મી. વાળી જમીન તેણીના પતિની તથા તેઓના ભાઈઓની સંયુકત ખાતાની આવેલ હોવાનું જણાવેલ છે જે સંદર્ભે વાદી તર્ફે

જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેમાં આંક–૫૧ થી દાવાવાળી જમીનનાં ગામ નમુના નં.૮–અ તથા આંક–૫૨ થી ગામ નમુના નં. ૭/૧૨ નાં ઉતારાની નકલ તથા આંક–૫૪ થી નોંધ નંબર ૮૭૪ રજુ કરેલ છે જે ઉપરથી દાવાવાળી જમીન વાદીનાં ગુજરનાર પતિનાં સંયુકત ખાતાની આવેલ હોવાનું જણાઈ આવે છે તેથી મુદદા નં.૧ વાદી સાબીત કરી શકેલ હોય મુદદા નં. ૧ નો જવાબ ''**હકાર**''માં આપવામાં આવે છે .

**(૧૦.૩) મુદદા નં. ૨ ની ચર્ચા:–**

વાદી વાદગ્રસ્ત જમીનનો કબજો ધરાવે છે કે કેમ તે અંગેનો વાદી તરફે રજુ થયેલ પુરાવો જોઈએ તો, આ કામે વાદીની આંક–૪૫ થી રજુ સોગંદ પરની જુબાની ધ્યાને લઈએ તો તેઓએ તેમની સરતપાસમાં દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ અને ૩ ના કબજામાં આવેલ હોવાનું જણાવે છે તથા પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તકરારી જમીન પ્રતિવાદી નં.૩ હનીફભાઈએ ભાડે આપેલી છે. આ ઉપરાંત વાદી તર્ફે દાવાવાળી જમીન પર તેમનો કબજો આવેલ હોવા અંગે કોઈ પક્ષ નિવેદન કરેલ નથી કે આ જમીન પર તેમનો એકચુઅલ કબજો આવેલ હોવા અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વાદી તરફે આંક–૫૩ થી રજુ વાદીના સાસુએ ખેતીની મિલકત ભાઈઓ ભાગે કરી આપ્યાની અરજી પર આધાર રાખેલ છે પરંતુ ખરેખર દાવાવાળી જમીન પર કબજો આવેલ હોવા અંગે વાદી તરફે કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. તેથી વાદી મુદ્દા નં.૨ સાબીત કરી શકેલ ન હોય મુદ્દા નં.૨ નો જવાબ ''**નકાર**''માં આપવામાં આવે છે.

**(૧૦.૪) મુદ્દા નં.૩ થી ૫ ની સંયુકત ચર્ચા :–**

વાદી તર્ફે દાવાવાળી જમીનમાં તેમનો મુસ્લિમ લો શરીયત મુજબ હિસ્સો રહેલો હોવાનું જણાવેલ છે. જે સબંધે જોઈએ તો દાવાવાળી જમીન ગુ.પ્રતિવાદી નં.૧ મરીયમબેનનાં નામે ખરીદ કરવામાં આવેલ હોવા અંગે આંક–૬૩ થી હકકપત્રક નોંધ નં ૮૪૭, તા.૧૪/૦૩/૧૯૯૭ ની રજુ થયેલ છે તે મુજબ દાવાવાળી સર્વે નં.૧૭૮/૧ એ.ગું. ૦–૨૩ વાળી જમીન માંગરોળનાં રહેવાસી મરીયમબાઈ એટલે કે પ્રતિવાદી નં.૧ ને રૂા.૩૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) માં વેચાણ આપતા સબ રજી. નાં ઉતારા નં. ૮૩૩ તા. ૨૭/૧૨/૯૬ થી વેચાણ આપતા સબ રજીસ્ટ્રારનાં ઉતારા આધારેની નોંધ છે તથા આંક– ૬૪ ની નોંધ નં.૮૭૪ મુજબ મરીયમબાઈએ આ જમીન તેમના પુત્ર અને પુત્રીના નામે કરી આપવા અરજી તથા કબુલાત આપતાં વાદીના પતિ તથા પ્રતિવાદી નં.૨, ૩ અને ૬ ના નામ દાખલ થયેલ હોવા અંગેની નોંધ છે. તેથી દાવાવાળી જમીન ગુ. પ્રતિવાદી નં. ૧ ના નામે ખરીદ કરવામાં આવેલ હોવા અંગેની હકીકત સ્પષ્ટ થાય છે. આ જમીન ખરીદ કરવાની મુડી વાદીના ગુજરનાર પતિની હતી તેવો પુરાવો વાદી તરફે રજુ થયેલ નથી.

આ કામે વાદીની દાવાઅરજી મુજબ વાદીનાં પતિ તેઓની માતા એટલે પ્રતિવાદી નં.૧ ની હયાતીમાં તા.૧૬/૮/૨૦૧૬ ના રોજ ગુજરી ગયેલ છે. વધુમાં વાદીની દાવાઅરજી મુજબ વાદીના પતિના ભાઈઓએ જુદા જુદા રસોડા કરી જુદા થતાં મિલકતોના ભાયોભાગ પાડવામાં આવેલ હતા. એ મુજબ બારા રોડ પર આવેલ ખેતીની દોઢ વિઘા જમીન વાદીના પતિ તથા તેના બે ભાઈઓ તે પ્રતિવાદી નં.૨ અને ૩ ના તથા વાદીની ત્રણ નણંદો પૈકી એક નણંદ પ્રતિવાદી નં.૬ 'રશીદાબેન' ના ભાગે આવેલ જે રેવન્યુ રેકર્ડમાં તેઓના નામે થઈ ગયેલ છે. વાદી તર્ફે તેઓની રજુઆત સંદર્ભે આંક–૫૩ ની

વાદીનાં સાસુ પ્રતિવાદી નં.૧ ની મામલતદારને કરેલ અરજી તથા આંક–૫૪ વાળી નોંધ અને ૧૩૫–ડી ની નોટીસ પર આધાર રાખેલ છે. પરંતુ આંક–૫૩ વાળી અરજી મુજબ ગુજરનાર પ્રતવાદી નં. ૧ ની હયાતીમાં અન્ય વારસો પ્રતિવાદી નં.૨, ૩ અને ૬ સાથે તેમનાં પતિને પણ દાવાવાળી જમીન મિલકતનો કબજો મળી ગયેલ હોવાનું વાદી જણાવતા હોય તો એકચ્યુઅલ પઝેસન પણ વાદીએ સાબીત કરવું પડે જે વાદી સાબીત કરી શકેલ નથી.

આ તબકકે વાદી તર્ફે નામ.કર્ણાટક હાઈકોર્ટનાં ચુકાદા **Smt. Ashabi vs Smt. Faziyabi And Ors. on 19 July, 2004 AIR 2004 KANT 476** ને ધ્યાને લઈએ તો તેમાં ઠરાવેલ છે કે,

17**. From these decisions and in the light of the principles of Muslim law, the widow of the pre-deceased son cannot claim any share in the property left behind her mother-in-law. She is excluded from claiming any share in the light of her husband dying prior to the death of his mother.** The learned Judge after noticing the facts and law has rightly ruled against the 3rd defendant. I accept his findings.

વધુમાં વાદી તરફે નામદાર દિલ્હી હાઈકોર્ટનાં રજુ થયેલ ચુકાદા **Hamzah Muneer & Anr vs Mohd Aqil & Ors on 28 May, 2025** ને ધ્યાને લઈએ તો તેમાં ઠરાવેલ છે કે,

"8. To a very limited extent only the learned Civil Judge was right. Under Muslim Law, no person has a right in the property by birth. It is known that there is no such thing as 'joint family' among the Muslims. So long as the father is alive, the children do not possess any right in the property. It is only on the death of the father, the children living at that time would inherit. **However, if any son dies earlier to the father, then the son's issues would not succeed to the father of the deceased son.** Principle of 'representation' is entirely unknown to this 1992

SCC OnLine Kar 209 This is a digitally signed order.

એટલે કે ઉપરોકત ચુકાદા ધ્યાને લેતાં, મુસ્લીમ લો પ્રમાણે મિલકત ધારણ કરનારનાં વારસોનો વારસાઈ હકક મિલકત ધારણ કરનારનાં મૃત્યુ પછી અસ્તિત્વમાં આવે છે. આ અંગે નામ. ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદા **Yusufbhai Walibhai Patel vs Zubedaben Abbasbhai Patel on 10 February, 2026**. માં પણ ઠરાવેલ છે કે,

15. The position on devolution of property under Mohammedan Law has been succinctly captured in Chapter 22- Law of Succession and Inheritance of Mulla on Mohammedan Law 5th Edition in the following terms: "all properties devolve by succession, so the rights of heirs come into existence only on the death of the ancestor. The whole property vests in them." The Mohammedan Law has well- defined rules of inheritance that come into effect upon the death of the ancestor, and its policy has been to restrain the owner from interfering in such well-defined rules. Transfer of property if required to be made during the lifetime of a person, they may do so primarily by way of gift (hiba). Other methods include the writing of a will but even therein certain restrictions have been postulated.

(૧૦.૫) હાલના દાવામાં દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ ના નામે ખરીદ કરવામાં આવેલ હોવા અંગેની હકીકત સ્પષ્ટ છે અને પ્રતિવાદી નં.૧ નાઓએ વાદીના દાવા મુજબ આંક–૫૩ ની મામલતદાર સાહેબ સમક્ષ તા. ૨૯/૦૩/૧૯૯૮ ના રોજ અરજી કરી પોતાની હયાતીમાં પોતાના ત્રણ પુત્ર અને એક પુત્રીના ભાગમાં એટલે કે વાદીના પતિ તથા પ્રતિવાદીનં.૨, ૩ અને ૬ ના નામે સદર જમીન નામ ફેર કરી આપવા અંગે કરેલ અરજી છે અને તે અરજીના આધારે વાદી નં.૧ ના પતિનું નામ દાવા વાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૮૭૪ થી દાખલ થયેલ છે પરંતુ પ્રતિવાદી નં.૧ કે જે આ મિલકતના મુળ ધારણ

કર્તા હતા તેઓની હયાતીમાં વાદીના પતિનું તારીખ: ૧૬/૦૮/૨૦૧૬ ના રોજ અવશાન થયેલ છે અને તે પછી વાદી તરફે ૨૦૧૭ માં હાલનો દાવો લાવી પ્રતિવાદી નં.૧ તથા અન્ય વારસો સામે દાવા વાળી મિલકતનું મુસ્લીમ શરીયત લો મુજબ વાદીનો તેમાં થતો હીસ્સો નકકી કરી તે હીસ્સો સોંપી આપવા અંગે માંગણી કરેલ છે. પરંતુ પ્રતિવાદી નં.૧ તથા ૩ તરફે આંક–૨૦ થી દાવા તથા મનાઇ અરજીનો જે જવાબ રજુ કરેલ છે અને તેઓએ આ જવાબમાં પોતે પોતાની હયાતીમાં વારસોને આ જમીન ખાતે કરવાનું અરજી આપી તેઓનું નામ માલિકી દરજજે દુર કરવા માટે કોઇ કાર્યવાહી કરેલ ન હોવાનું જણાવેલ છે તથા તેઓના પિતાની મિલકતમાંથી પોતાની વારસાઇનો જે હીસ્સો થતો હતો તે રકમ માંથી આ મિલકત ખરીદ કરેલ હોય તેઓ પોતે માલીક હોય માલીકની હયાતીમાં મિલકતનું એડમીનીસ્ટ્રેશન થઇ ન શકે તેવી હકકીત જવાબમાં જણાવેલ છે. પ્રતિવાદી નં.૧ ચાલુ દાવે તા.૨/૨/૨૦૨૦ ના રોજ ગુજરી ગયેલ છે. તેથી પ્રતિવાદી નં.૧ ગુજરી ગયા તે વખતે તેમના હયાત વારસો તેમના કાયદેસરના વારસો ગણાય અને તેઓના ગુજરી ગયા પહેલા ગુજરી ગયેલ સંતાનના વારસો મિલકત ધારણ કરનાર એટલે કે પ્રતિવાદી નં.૧ ના વારસો ગણાય નહીં તેવું ઉપરોકત ચુકાદાઓના આધારે કહી શકાય.

આ તબ્બકે વાદી તરફે રજુ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા **T.Ravi & Anr vs B.Chinna Narasimha & Ors. Etc on 21 March, 2017 AIRONLINE 2017 SC 582** ને ધ્યાને લઇએ તો તેમાં ઠરાવેલ છે કે**,**

“63. Sharers After payment of funeral expenses, debts, and legacies, the first step in the distribution of the estate, of a deceased Mahomedan is to ascertain which of the surviving relations belong to the class of sharers, and which again of these are entitled to a share of the inheritance, and, after this is done, to proceed to assign their respective shares to such of the

sharers as are, under the circumstances of the case, entitled to succeed to a share. The first column in the accompanying table (p.66A) contains a list of Sharers; the second column specifies the normal share of each sharer; the third column specifies the conditions which determine the right of each sharer to a share, and the fourth column sets out the shares as varied by special circumstances."

"65. Residuaries If there are no Sharers, or if there are Sharers, but there is a residue left after satisfying their claims, the whole inheritance or the residue, as the case may be, devolves upon Residuaries in the order set forth in the annexed table (p.74A).

ઉપરોકત ચુકાદા મુજબ મિલકત ધારણ કરનાર મુસ્લીમના મૃત્યુ પછી તેઓની મિલકત કઈ રીતે વહેંચાશે તે અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. પરંતુ હાલના દાવામાં વાદી પુત્રવધુ તરીકે મિલકત ધારણ કરનાર પ્રતિવાદી નં.૧ ના વારસ ગણી શકાય નહીં. આ તબ્બકે અન્ય ચુકાદાઓ પણ ધ્યાને લેવા જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે. ***Abdul Rahim & Ors. v. Sk. Abdul Zabar* (2009) 6 SCC 160:** Clarified that under Mohammedan Law, heirs have no right to the property during the owner's lifetime, and the concept of partition among heirs before the ancestor's death is unknown.

- ***Gulam Abbas v. Haji Kayyum Ali & Ors.* (1973) 1 SCC 1:** Stated that an heir-apparent's rights come into existence only upon the ancestor's death, and any renunciation by an expectant heir during the lifetime of the ancestor is invalid.
- ***Syed Shah Ghulam Ghouse Mohiuddin v. Syed Shah Ahmed Mohiuddin Kamisul Quadri* (1971) 1 SCC 597:** Discussed that the doctrine of partial partition is not applicable in Mohammedan Law as heirs are tenants-in-common with predetermined shares after the ancestor's death.

***Hafeeza Bibi v. Sk. Farid* (2011) 5 SCC 654:** Reiterated the

three essentials of a valid gift under Mohammedan Law: declaration, acceptance, and delivery of possession.

વધુમાં આ અંગે નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા The Supreme Court of India in *'Mansoor Saheb (Dead) & Ors. vs. Salima (D) by LRs. & Ors.'* , ને ધ્યાને લઇએ તો તેમાં જે સીધ્ધાંત પ્રસ્થાપીત થયેલ છે તેની સમરી અત્રે નોંધવી જરૂરી જણાય છે.

**Summary of the Judgment :-**

The Supreme Court dismissed the appeals filed by the original defendants, upholding the decisions of the Trial Court and the High Court of Karnataka. It held that under Mohammedan Law, an owner cannot partition his property among his heirs during his lifetime. The Court further concluded that the essential elements of a valid gift were not satisfied in this case, as there was no clear and unequivocal declaration of gift by the donor, nor was there sufficient proof of acceptance and delivery of possession as per the legal requirements. Additionally, the Court emphasized that mutation entries in revenue records do not confer or extinguish title, nor can the nomenclature used in such entries be reinterpreted to indicate an intention contrary to that explicitly recorded. addressed critical aspects of property inheritance and transfer under Mohammedan Law. The case revolved around the legal permissibility of partitioning property among heirs during the owner's lifetime and the validity of an alleged oral gift (Hiba) made by the property owner to his sons. This judgment provides clarity on whether an owner, governed by Mohammedan Law, can partition property among heirs while alive and the requisites for a valid gift under the same law. The interpretation of mutation entries in revenue records and their impact on property titles was also scrutinized.

આમ, ઉપરોકત ચુકાદા મુજબ મુસ્લીમ લો લાગુ પડતો હોય તેવી

મિલકત ધારણ કરનાર વ્યકિતની હયાતીમાં તે મિલકતનું થયેલ પાર્ટીશન પરમીશેબલ નથી. તથા મિલકત ધારણ કરનાર તે મિલકત ગીફ્ટ કરે તે માટે સંમતિ, સ્વીકાર અને કબજો પુરવાર થયેલ હોવો જોઇએ. આ તબ્બકે નામદાર મધ્યપ્રદેશ હાઇકોર્ટના ચુકાદા **Sabra Bi vs Sharif Khan on 20 March, 2026** માં ઠરાવેલ છે કે,

- 20. One may reasonably conclude, having referred to the primary texts and commentaries on Mohammedan Law, that partition while a person is alive between him and his heirs is impermissible. The manner in which partition is to take place after the death of the ancestor is set out in great detail in the sources of Mohammedan Law however, the same is beyond the scope of the present lis."

હાલના દાવામાં પ્રતિવાદી નં.૧ ના ઓએ દાવાવાળી મિલકત તેમની હયાતીમાં ગીફ્ટ(હીબા) તરીકે આપેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી કે દાવાવાળી જમીન પર વાદીનો કબજો આવેલ હોવાનું પણ સાબીત થયેલ નથી. આ ઉપરાંત પ્રતિવાદી નં.૧ નાઓએ પોતાની હયાતીમાં દાવાવાળી મિલકતનું પાર્ટીશન કરેલ હોવાનું દલીલ ખાતર માની લેવામાં આવે તો પણ ઉપરોકત નામદાર સુપ્રીમ કોર્ટના અને મધ્યપ્રદેશ હાઇકોર્ટના ચુકાદા મુજબ પ્રતિવાદી નં.૧ ની હયાતીમાં તેવુ પાર્ટીશન પરમીશીબલ નથી. વધુમાં તેવા પાર્ટીશનના આધારે વાદી હકક દાવો કરી શકે નહીં તથા વાદીના પતિ કે જેઓ તેમની માતા પ્રતિવાદી નં.૧ ની હયાતીમા ગુજરી ગયેલ હતા તેવા સંજોગોમાં વાદી પુત્રવધુ તરીકે પ્રતિવાદી નં.૧ ના વારસ પણ ગણાય નહીં. તેથી દાવાવાળી જમીનમાં મુસ્લીમ લો શરીયત મુજબ વાદીનો હીસ્સો રહેલ હોવાનું કે આ મિલકતનું મુસ્લીમ લો શરીયત મુજબ એડમીનીસ્ટ્રેશન કરી તેણીના હીસ્સાનું વિભાજન કરવા હકકદાર હોવાનું સાબીત થતુ નથી. તેથી વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર ન હોય, મુદા નં.૩ થી ૫ નો જવાબ ''**નકાર**''માં આપી મુદા નં.૬ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## // <u>આખરી હુકમ</u> //

૧.  આ કામના વાદીનો દાવો રદ યાને ''**નામંજુર**'' કરવામા આવે છે.

૨.  પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

૩.  હુકમ મુજબ હુકમનામું દિન–૧૫ મા દોરવું.

આ હુકમ આજરોજ તા.૩૧ મી, માહે – જુલાઈ, સને ૨૦૨૬ ના ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખ:– ૩૧/૦૭/૨૦૨૬
સ્થળ:– માંગરોળ.

**( સુમીત્રા પુનીતકુમાર ચોપરા )**
પ્રિન્સીપાલ સીવીલ જજ
માંગરોળ.
U.I.Code No. GJ-01377